સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર: એફ-૬ (અમરેલી)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## " ટૂંકી વિગતો "

### આઝાદ ભારતના ઈતિહાસમાં સરદાર પટેલ સદાય પ્રસ્તુત રહેશે

સરદાર પટેલનું એવું વિચક્ષણ અને વિરલ વ્યકિતત્વ હતું કે તેવા વ્યકિતત્વની ખોટ ભારતની આઝાદીના ૬૦ વર્ષ પછી પણ સાલ્યા કરે છે.

એક દૂરંદેશી અને બધી રીતે ગુણવાન રાષ્ટ્રનેતા તરીકે સરદાર પટેલનું જીવન સદાય કીર્તિમાન રહેશે.કારણ કે તેમનામાં સાચી રાષ્ટ્રભાવના હતી.તેઓ માનતા કે કોઈપણ ભોગે દેશ અને સમાજના હિતોને નુકશાન ન થવું જોઈએ.એવી જગૃતતા હતી.તે માટેની કુશળ ચાણકયનિતી તેમનામાં હતી.તેમના ગુણોને તોલે કોઈ આવી શકે તેમ નથી.

સરદાર પટેલના નામને ભૂંસવાના પ્રયાસો કારગત નહીં થાય.કારણ કે ગાંધીજીના નેતૃત્વ હેઠળ આઝાદીની લડતોનું સંચાલન કરવામાં, તેમજ આઝાદી બાદ અનેક દેશી રાજા રજવાડામાં વહેંચાયેલા ભારતને એક કરાવામાં સરદાર પટેલને જ સફળતા મળી છે. આ સફળતા તેમની નિ:સ્વાર્થ રાષ્ટ્રભકિત,વિચક્ષણતા અને સુદ્રઢ ચારિત્ર્યબળને આભારી હતી.લોકો તેમની આ સિધ્ધિને વખતો વખત યાદ કરશે.તેઓ ભારતના ઈતિહાસમાં સદાય પ્રસ્તુત રહેશે.

સરદાર ગાંધીજીની જેમ ધર્મપુરૂષ હતાં.પરંતુ તેમની ધાર્મિકતા માત્ર હિંદુ પૂરતી જ સિમિત ન હતી.તેઓ એ અર્થમાં બિલકુલ બિનસાંપ્રદાયિક હતાં.વિચક્ષણ સરદાર હંમેશા નેક રાષ્ટ્રવાદીને પડખે રહ્યા છે. " ભાગલા કરો અને રાજ ચલાવો " એવી અંગ્રેજોની કુટિલ રાજનિતીના ભાગરૂપે મહમ્મદ અલી ઝીણાએ કોમવાદને વકરાવ્યો, ત્યારે ના છુટકે સરદાર પટેલ અને નહેરૂએ દેશના ભાગલા પાડવાની વાતને આપદ ધર્મ રૂપે સ્વીકારેલી હતી.પણ આજે કોમ અને જાતિવાદને વકરાવીને રાજકીય રોટલા શેકી નાખતા વામણા સતા લાલચું રાજકારણીઓ જે રીતે ફાવી શકે છે. તે વાતને સરદાર હોત તો જરાય ચલાવી ન હોત.

## સરદાર તો હતા....

અનેક સિધ્ધિઓના સ્વામી,તીક્ષ્ણ બુધ્ધિપ્રતિભા ધરાવતા પ્રખર ધારાશાસ્ત્રી,અજોડ નેતૃત્વશકિત ધરાવતા મોભી નેતા,અધ્વિતીય સંગઠક અને કાબેલ રાજપુરૂષ, પ્રખ્યાત બારડોલી સત્યાગ્રહના સમર્થ સેનાની સરદાર,ને છતાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નમ્ર અનુચર, પોતાના સમગ્ર વ્યકિતત્વને, સમગ્ર વ્યકિતમતાને બાપુને ચરણે ધરીને બેસી ગયેલા નમ્ર સેવક.

સરદારને જો સરખાવી શકાય તો એકમાત્ર અબ્રાહમ લિંકન સાથે જ સરખાવી શકાય.બંને નિ:સ્પૃહી અને લોકોને કડવી વાત કહેવાની જરૂર પડે તો કહી શકે એવા.બંનેમાં ઉદારતા, નીડરતા અને દ્રઢ નિશ્ચયબળ ભરેલાં હતાં.

### ???????????????

આપણી સાથે કોઈએ કરેલો અન્યાય આપણે પવન,પાણી કે રેતી પર લખીને ભૂલી જવાનો છે.પણ આપણાં પર કોઈએ કરેલો નાનકડો પણ ઉપકાર તો આપણે આરસની તકતી પર લખીને સતત યાદ રાખવાનો છે.સ્વસ્થ,મસ્ત અને પ્રસન્ન રહેવાની કળા આ અભિગમના સ્વીકારમાં પડી છે.

### ???????????????

દરિયાના તળિયે પડેલા સોનાને બહાર લાવવામાં સફળતા મળનારો કદાચ કરોડપતિ બની જાય છે.પણ અંતરમાં ધરબાયેલ પ્રેમ,લાગણી અને સંવેદનશીલતાને બહાર લાવવામાં સફળ બનનારો તો પરમાત્મા બની જાય છે.

આવો, આપણે એ જ દિશા પર કદમ માંડીએ કે જેની મંઝિલ આત્મા, પરમાત્મા બનીને જ રહે.

## " ટૂંકી વિગતો "(ચાલુ)--૨--

???????????????????

જે ખેડૂત મુશળધાર વરસાદમાં કામ કરે કાદવ કીચડમાં ખેતી કરે મારકણા બળદ સાથે કામ લે ટાઢ-તડકો વેઠે.. એન ડર કોનો ? કોને દોરી તૂટયાં પછી એક મીનીટ વધારે મળે છે ? જેણે ખેડૂતને બનાવ્યો તેણે બાદશાહને ય બનાવ્યો છે...તો ખેડૂતે શા માટે ડરવું ?

" વિશ્વાસ રાખીને આળસ છોડી દો,વહેમો ફગાવી દો, ડર છોડો, કુસંપનો ત્યાગ કરો, કાયરતા ખંખેરી નાખો, હિંમત રાખો,બહાદુર બનો, આત્મવિશ્વાસ રાખતાં શીખો.આટલું કરશો તો તમે જ ઈચ્છશો તે એની મેળે આવી મળશે,જગતમાં જેને માટે જે લાયક છે તે તેને મળે જ છે. "

...નિઃ શંકપણે કાર્ય એ આરાધના છે.પંરતુ હાસ્ય એ જીવન છે.કોઈ માણસ જો જિંદગીને ઘણી જ ગંભીરતાપૂર્વક લે તો તેણે પોતે કંગાળ જીવન જીવવા માટેની તૈયારી રાખવી જોઈએ.જો કોઈ માણસ સુખ અને દુઃખને સરખી રીતે હર્ષભેર આવકારે તો તે જીવનમાંથી પ્રાપ્ત થતું સર્વોચ્ચ સુખ ભોગવે છે.

???????????????????

" સહુ સજજન બને, સજજનો સક્રિય બને અને સક્રિય બનેલાં સજજનો સંગઠીત બને તો અનેક સમસ્યાઓ સહેજે ઉકલી જાય " હાલ તુરત જે નાના કામ તારી સમક્ષ આવ્યા હોય તે કરવા માંડ.

પછી મોટા કામ તને શોધતાં આવશે.

???????????????????

જે મનુષ્ય શુધ્ધ મનથી વાણી અને વ્યવહાર કરે છે તેની પાછળ આનંદ પડછાયાની માફક ચાલે છે.એનાથી એ કયારેય અલગ થતો નથી.

આળસ અને અજ્ઞાન માનવીના મહાન શત્રુ છે.

જે કાર્ય કરવા શકિતમાન છે તે કાર્ય કરે છે, પણ જે કરી શકે તેમ નથી તે માનવી ખાલી શિખામણ જ આપે છે.

આપણાં મનના કારણે આપણે ખુદ અનેકવાર દુઃખી થયા છીએ અને અનેકને આપણે દુઃખી કર્યા છે.આપણાં ૨દયે આપણને ખુદને અનેકવાર સુખી કર્યા છે અને અનેકને પ્રસન્ન બનાવ્યા છે.આપણા આ અનુભવને નજર સમક્ષ રાખી હવે તો ૨દયને જીવનનું ચાલકબળ બનાવીએ.સ્વસ્થ, મસ્ત અને પ્રસન્ન બનીને જ રહેશું.

દરેક વાતની મજાક ઉડાવવાનો તથા ગંભીરતાના અભાવનો જે ભયંકર રોગ આપણા પ્રજાજીવનમાં ધીરે ધીરે પેસતો જાય છે તેનાથી બચો.એ ટેવ છોડી દો.શકિતમાન બનો અને શ્રધ્ધ ધારણ કરો, બસ બીજું બધું તેના મેળે ચોકકસ ચાલ્યું આવશે.

સૂર્યપ્રકાશના માહાત્મ્યને સમજવા માટે આંખ ખુલ્લી હોવી જરૂરી છે.કરુણાના અધિકારી બનવા માટે૨દય કૃતજ્ઞતાથી સભર હોવું અત્યંત જરૂરી છે.પરમાત્માના ઉપકારોને તો આપણે કદાચ સમજયા છીએ,ગુરુદેવના ઉપકારોનો તો આપણે સ્વીકાર કર્યો છે,પણ મા-બાપના ઉપકારોને આપણે સમજયા છીએ કે કેમ એમાં શંકા છે.

અનુભવના આધાર પર જ સિધ્ધાંત બને છે એ કદી ન ભૂલશો.

" કોઈની ટીકાઓને ધ્યાનમાં લીધા વિના સારા કાર્ય કર્યે જ જઈએ અને આ માટેનું ઈશ્વર સૌને આત્મબળ આપશે જ "

જીવનમાં સાથે બેસીને ચિંતા કરવાથી નહિ પણ સાથે બેસને ચર્ચા કરવાથી માર્ગ નીકળે છે.

સ્થાપના તારીખ: ૧૧-૦૫-૧૯૪૪ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર: એફ-૬ (અમરેલી)

# શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ

૧૧૮-" માધવ પ્લાઝા ", પ્રથમ માળે, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સામે, લાલ બંગલા સર્કલ પાસે, જામનગર ૩૬૧ ૦૦૧,

ફોન: ૦૨૮૮-૨૬૭ ૫૬૫૧ મોબાઈલ: ૯૪૨૬૭ ૩૦૭૭૭.

## " ટૂંકી વિગતો "(ચાલુ)--૩--

### " કહેવતો "

| ક્રમાંક | વિગત | ક્રમાંક | વિગત |
|---|---|---|---|
| ૦૧ | જે મોઢે પાન ચાવ્યા તે મોઢે કોયલા ચવાય નહીં. | ૨૧ | માથુ આપે તે મિત્ર. |
| ૦૨ | નહિ બોલ્યામાં નવ ગુણ,સબ સે ભલી ચૂપ. | ૨૨ | જાત વિના ભાત પડે નહિં. |
| ૦૩ | રાંડયા પછી ડાહપણ ને ગરથ ગયા પછી જ્ઞાન. | ૨૩ | બેની લડાઈમાં ત્રીજાને લાભ,ઘર ફૂટયે ઘર જાય. |
| ૦૪ | કરણી તેવી પાર ઉતરણી,વાવ્યા તેવા લણ્યાં. | ૨૪ | ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર. |
| ૦૫ | સંગ તેવો રંગ, વાન ન આવે પણ સાન આવે. | ૨૫ | લેણું હજો લાખ,પણ દેણું ન હજો દોકડો. |
| ૦૬ | વસુ વિના નર પશુ,લક્ષ્મી વિનાનો લપોડ. | ૨૬ | પુત્રના લક્ષણ પારણામાંથી ને વહુનાં બારણામાંથી. |
| ૦૭ | ગુણવાનના હજાર ઘરાક,રીતભાત જાણે તેને સૌ વખાણે. | ૨૭ | લોભે લક્ષણ જાય,લોભીયા વસે ત્યાં ધુતારા ભૂખે ન મરે |
| ૦૮ | નાણું મળે પણ ટાણું ન મળે, લક્ષમી ચાંલ્લો કરવા આવે મોં ધોવા જવું. | ૨૮ | વાત ન કરીયે વાટે,વાત ન કરીએ ઘાટે,ને વાત ન કરીએ રાતે,પેટ દેવું જોઈને,નહિ તો કહેવું ન કોઈને. |
| ૦૯ | બોલે તેના બોર વચાય,માગ્યા વિના મા પણ ન પીરસે. | ૨૯ | ચડે દરબાર કે જાય ઘરબાર,કરવો દીવો ને થાવું બાવો |
| ૧૦ | દહીંમાને દૂધમાં પગ ન રખાય,નાતો ને નાણું બે રખાયનહિ. | ૩૦ | આંખમાં કમળો હોય તે બધું પીળું ભાળે. |
| ૧૧ | વિનાશ કાળે વિપરીત બુધ્ધિ. | ૩૧ | ખાવું તેનું ખોદવું નહિં. |
| ૧૨ | સોઢ પ્રમાણે સાથરો કરવો,પાથરણું જોઈ પગ તાણવા. | ૩૨ | આડે રસ્તે જાય તે નકકી ખતા ખાય. |
| ૧૩ | લીલી ડાળ જેમ વાળીએ તેમ વળે પાકે ઘડે કાંઠા ન ચડે. | ૩૩ | પીળું એટલું સોનું નહિં,ઉજળું એટલું દૂધ નહિં. |
| ૧૪ | ખાખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ? | ૩૪ | હાથી રાજ દરબારે શોભે,હાથી કુબે ન શોભે. |
| ૧૫ | ભેંસના મોં આગળ ભાગવત,હીરાની પરીક્ષા ઝવેરી જાણે. | ૩૫ | ભલાની દુનિયા નથી,મીઠા ઝાડનાં મૂળ સૌ ખોદે. |
| ૧૬ | કયાં રાજા ભોજ અને કયાં ગાંગો તેલી ? કનક આગળ કથીર. | ૩૬ | મોં જોઈને ટીલું કરવું,છાણનાદેવને કપાસિયાની આંખો વેવાઈ તેવો વિવાહ,હનુમાનને આંકડો શંકરને બીલી. |
| ૧૭ | રોગ,રૂણ અને શત્રુ ઉગતાં ડાંભવા(દાબી દેવા). | ૩૭ | કજીયાનું મોં કાળુ,કંકાસથી ગોળીનું પાણી સુકાય. |
| ૧૮ | ભસતા કુતા કાટે નહિં, ગાજયા મેઘ વરસે નહિં | ૩૮ | કોઈનો હવેલી જોઈ આપણું ઝૂંપડું તોડી ન નંખાય. |
| ૧૯ | માથું મૂંડાવે તે જતિ નહિં,ને ઘૂંઘટો તાણે તે સતી નહિં. | ૩૯ | જર,જમીન ને જોરૂ, એ ત્રણ કજીયાતા ભેરૂ. |
| ૨૦ | નાદાનની દોસ્તી જીવનું જોખમ. | ૪૦ | સ્ત્રી વગર સૂનો સંસાર,ઘરનું ઢાકણ નાર. |

ગોપાલભાઈ ડાયાભાઈ પટેલ નરેશભાઈ રવજીભાઈ પટેલ

મહામંત્રી, પ્રમુખ,

શ્રી સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી ઉચ્ચ કેળવણી સહાયક મંડળ,અમરેલી.